ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# નગરની સુંદરતા અને હરિયાળી માટે જોખમી ગાંડા બાવળના ૭ હજાર વૃક્ષો

**આર ટી ઓ પાસે ગાંડા બાવળના વૃક્ષોનુ જંગલ : બાવળના વૃક્ષોનો કાંટો લોખંડની ખિલ્લી કરતા પણ વધુ મજબુત : વૃક્ષોનુ બીજ ઉડે તો પણ બાવળ ઉગી નિકળે છે : દાયકાઓના અંતે પણ નગર બાવળના વૃક્ષોથી મુક્ત થયુ નથી**



ગાંધીનગર તા ૨

ગાંધીનગરમાં હરિયાળા વૃક્ષોની વનરાજી અને રંગબેરંગી ફુલોના નિખરતા નયનરમ્ય નજારા વચ્ચે ગાંડા બાવળના વૃક્ષોની સંખ્યા પણ વિશેષ છે. નગરની હરિયાળી અને સુંદરતાને ઠેસ પહોંચાડતા આ ગાંડા બાવળના વૃક્ષોના કાંટા લોખંડની ખિલ્લી કરતા પણ વધુ મજબુત હોય છે. શહેરમાં અંદાજિત ૭ હજાર જેટલા બાવળના વૃક્ષો હોવાનુ મનાય છે. આર ટી ઓ કચેરીની બાજુમાં ગાંડાબાવળના વૃક્ષોનુ જંગલ અસ્તિત્વમાં આવ્યુ છે.



ગાંધીનગરમાં વિકાસના નામે હરિયાળીનુ નિકંદન વળી રહ્યુ છે. એકબાજુ નગરને હરિયાળુ રાખવા માટે પ્રતિ વર્ષ વરસાદી દિવસો દરમિયાન નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. આ ઉપરાંત વન મહોત્સવની ઉજવણી અંતર્ગત પણ શહેર તેમજ જિલ્લામાં ખાલી જગ્યા મુજબ નવા રોપાઓની વાવણી કરવામાં આવી રહી છે. ગાંધીનગરના માર્ગોની આસપાસ સ્થિત વન આરક્ષિત વિસ્તારને વધુ નયનરમ્ય બનાવવા માટે પણ રંગબેરંગી ફુલો નિખરે તે મુજબ કલરકોડ પ્રમાણે રોપાઓની વાવણી કરવામાં આવી છે. જયારે સેન્ટ્રલ વર્જમાં પણ પામ ટ્રી સહીત બોગનવેલની વાવણી કરી શહેરની સુંદરતાને નિખારવા માટે પ્રયાસો હાથ ધરાય છે. નગરને હરિયાળુ અને ફુલોથી સુશોભિત બનાવવા વનતંત્ર પ્રયાસરૂપ છે. જયારે આકરી ગરમીમાં ગુલમહોર અને ગરમાળાના ફુલોથી પણ નગર નિખરી ઉઠે છે. પરંતુ નગરના અસ્તિત્વ કાળથી હયાત ગાંડા બાવળના વૃક્ષોની સંખ્યા પણ શહેરમાં હજુ વિશેષ છે. જેના લીધે શહેરની હરિયાળી અને સુંદરતા સામે ખતરો મંડરાયો છે. શહેરમાં એક અંદાજ મુજબ ૭ હજાર જેટલા ગાંડા બાવળના વૃક્ષો છે. જયારે આ બાવળના વૃક્ષોમાં જોવા મળતા કાંટા લોખંડની ખીલ્લી કરતા પણ વધુ મજબુત હોય છે. બાવળના વૃક્ષોમાંથી બીજ ઉડે તો પણ બીજા ઠેકાણે આ પ્રકારના વૃક્ષો ઉગી નિકળે છે. જયારે આ નડતરરૂપ વૃક્ષોના લીધે આસપાસની હરિયાળીને પણ નુકશાન થાય છે. નગરના ગ માર્ગ પર સ્થિત આર ટી ઓ કચેરી પાસે ગાંડા બાવળનુ જંગલ છે. ગાંડા બાવળના વૃક્ષોની આ નુકશાનકારક હરકતથી મોટાભાગના આમ નાગરિકો અજાણ છે. જયારે વનતંત્ર દ્વારા આ પ્રકારના વૃક્ષોની કટોતી કરવામાં આવે તો પણ હરિયાળા વૃક્ષોની કટોતી થતી હોવાનુ આમ નાગરિકો માનીને રોષ પ્રગટાવે છે. અન્ય વૃક્ષોની સાપેક્ષમાં ગાંડા બાવળના વૃક્ષોને કાપવાનુ કામ મુશ્કેલ છે. અન્ય ઠેકાણે તેના બીજ ન ફેલાય તે માટે ખોદીને દુર કરવા પડે છે.

# પંચાયતીરાજને પ્રજાભિમુખ બનાવી પડતર પ્રશ્નો ઉકેલવા તાકિદ

ગાંધીનગર, તા. ૨

ગુજરાતમાં પંચાયતીરાજને વધુ પ્રજાભિમુખ બનાવવા માટેની સરકારની વારંવારની સૂચનાઓને અમલ નહિ થતો હોવાનું ચિત્ર ઉપસતાં પંચાયત વિભાગના અગ્ર સચિવે તાજેતરમાં મળેલ જિલ્લા વિકાસ અધિકારીઓની બેઠકમાં સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી.

અગ્ર સચિવની નારાજગી પછી પણ પંચાયતીરાજમાં સુધારો નહિ જોવા મળતાં હવે આગામી દિવસોમાં પગલાંઓ લેવામાં આવે તેવા સંકેતો સચિવાલયના સૂત્રોમાંથી મળી રહ્યા છે.

મળતી વિગતો પ્રમાણે ૧૪મા નાણાંપંચની આયોજન થયા વગરની રહેલી ગ્રાન્ટની રકમનું તાત્કાલિક આયોજન કરી તેની જાણ કરવાની સૂચના અપાઈ હતી પરંતુ હજુ ઘણા બધા જિલ્લાઓમાંથી આ અંગેની વિગતો આવી નથી.

આ ઉપરાંત સી.એમ. ડેશ બોર્ડમાં નિયમિત એન્ટ્રીઓ થતી નથી. ગ્રામસભા અભિયાનની ડેટા એન્ટ્રીઓ પણ અધુરી પડી હોવાથી અગ્ર સચિવે સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી. આ પછી વિકાસ કમિશનરે પણ પત્ર લખી અધિકારીઓને તાકીદ કરી છે પણ કોઈ જ અસર થઈ નહિ હોવાથી ઉચ્ચકક્ષાએ સખ્ત નારાજગી જોવા મળી રહી છે.

જિલ્લાઓમાં જી.પી.ડી.પી. અંતર્ગત ચાલી રહેલ ગ્રામસભાના અભિયાનના ફોટોગ્રાફ્સ પણ સારી-ગુણવત્તાવાળા નહિ હોવાનું કહી તંત્રના અધિકારીઓનો ઉઘડો લેવામાં આવ્યો હતો પરંતુ જિલ્લાઓમાં કોઈ જ અસર હજુ સુધી જોવા મળી નહી હોવાથી અગ્ર સચિવ હવે તમામ અધિકારીઓને એક અલાયદો ચીમકી સાથેનો સ્મૃતિપત્ર પાઠવે તેવા સંકેતો મળી રહ્યા છે.

જિલ્લાઓમાં ઈ.ગ્રામની નબળી કામગીરીને લઈ તાજેતરમાં રાજ્ય સરકારે પણ સખ્ત નારાજગી વ્યક્ત કરી હોવાથી અગ્ર સચિવ દ્વારા આકરા વેણ પણ અધિકારીઓને કહેવામાં આવ્યા હતા. તેમણે તો સિંગલ ડીજીટમાં આવેલા જિલ્લા વિકાસ અધિકારીઓને આ માટે કામગીરી પર ધ્યાન કેન્દ્રીત કરવા માટેની કડક તાકીદ પણ કરી છે.

સચિવાલયના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે પંચાયતી રાજને પ્રજાભિમુખ બનાવવા માટેનો સરકારે જે રોડમેપ તૈયાર કર્યો છે તેમાં રૂકાવટ આવી હોવાથી વિભાગમાં અને જિલ્લાકક્ષાએ પણ સન્નાટો વ્યાપેલો જોવા મળી રહ્યો છે.

# ગાંધીનગર જિલ્લામાં એક મહીનામાં ૪૯૬ કાચા લાયસન્સ ઈસ્યુ કરાયા

**લર્નિંગ લાયસન્સ માટે ૧૫ જાન્યુઆરી સુધીનુ વેઇટીંગ : આઇ ટી આઇ કક્ષાએ અરજદારોની લાયસન્સ મેળવવા માટે ભીડ**

ગાંધીનગર તા ૨

ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં લર્નિંગ લાયસન્સ માટેની કામગીરી બંધ કરી દેવામાં આવી છે. જયારે તાલુકા કક્ષાએ પણ લર્નિંગ લાયસન્સ માટે આઈ ટી આઈ તેમજ પોલિટેકનીકમાં આ કામગીરી થઈ રહી છે. નવેમ્બર મહીના દરમિયાન ૪૯૬ લર્નિંગ લાયસન્સ કાઢવામાં આવ્યા છે. જયારે લર્નિંગ લાયસન્સ માટે આગામી તા ૧૫ જાન્યુઆરી સુધીનુ વેઈટીંગ પણ છે.

ગાંધીનગર આર ટી ઓ કચેરી દ્વારા લર્નિંગ લાયસન્સ ટેસ્ટ બંધ કરી દેવાયા છે. જયારે આઈ ટી આઈ કક્ષાએ લર્નિંગ લાયસન્સ માટેની પ્રક્રીયા હાથ ધરવામાં આવતા હાલ લાયસન્સ માટેના



અરજદારોની વિશેષ ભીડ જોવા મળી રહી છે. ગાંધીનગર જિલ્લાના કલોલ માણસા અને દહેગામ તાલુકામાં રોજના ૧૨ ટેસ્ટ લેવામાં આવે છે. જયારે ગાંધીનગર આઈ ટી આઈમાં પણ રોજના ૨૪ જેટલા ટેસ્ટ લેવાય છે. જયારે પોલીટેકનિકમાં છ ટેસ્ટ પ્રતિદિન લેવામાં આવે છે. ગત નવેમ્બર મહીના દરમિયાન ગાંધીનગર આઈ ટી આઈ માં ૩૪૨, માણસામાં ૭૯ કલોલમાં ૧૧૩ જયારે દહેગામ તાલુકામાં ૬૨ લાયસન્સ કાઢવામાં આવ્યા છે. છેલ્લા એક મહીના દરમિયાન કુલ ૪૯૬ લાયસન્સ કાઢવામાં આવ્યા છે. સરકાર દ્વારા તાલુકા કક્ષાએ અરજદારોને સુવિધા મળી રહે તે માટે લર્નિંગ લાયસન્સના ટેસ્ટની સુવિધા ઉભી કરવામાં આવી છે. આર ટી ઓમાં કાચા લાયસન્સની કાર્યવાહી હાથ ધરવામાં આવતી હતી તે બંધ કરીને આઈ ટી આઈ અને પોલિટેકનિકમાં અરજદારોનો ટ્રાફિક ખુબ જ વધી ગયો છે. ચાર આઈ ટી આઈ અને એક પોલિટેકનિક એમ કુલ મળીને ફક્ત ૬૬ ટેસ્ટ રોજના કરવામાં આવે છે. આ સ્થિતિ વચ્ચે લાયસન્સના ટેસ્ટ માટે વેઈટીંગ પણ વધી ગયુ છે. જયારે લર્નિંગ લાયસન્સ માટે ઓનલાઈન એપોઈન્ટમેન્ટને અનુલક્ષી જાન્યુઆરી વર્ષ ૨૦૨૦માં ૧૫ જાન્યુઆરી બાદ જ ડેટ મળે છે.

# સલામત સવારીના ભાડાના દરમાં સિનિયર સિટીઝન્સને રાહત આપવા પ્રબળ માંગ

**શહેરમાં નિવૃતોની સંખ્યા પણ વિશેષ અવારનવાર રજુઆત કરવા છતા અન્ય રાજયોની જેમ લાભ અપાતો નથી : પેન્શનર્સ સમાજના અગ્રણીઓ પણ રજુઆત કરી થાકી ગયા**

ગાંધીનગર તા ૨

ગાંધીનગર એસ ટી ડેપોમાં મુસાફરો માટે જરૂરી સુવિધા ઉભી કરી શકાઇ નથી. મુસાફરો સલામતી વ્યવસ્થાના અભાવે અનેકવાર પીક પોકેટીંગનો ભોગ બની રહ્યા છે. સિનિયર સિટીઝન્સ અને મહીલાઓ આ સ્થિતિ વચ્ચે વિશેષ પ્રભાવિત છે. બીજીતરફ અનેક રજુઆતના અંતે સિનિયર સિટીઝન્સને એસ ટી ભાડામાં અન્ય રાજયોની જેમ રાહત આપવાની જાહેરાત પણ કરવામાં આવતી નથી.

ગાંધીનગર એસ ટી ડેપોમાં મુસાફરોની સલાતમી નથી સલામત સવારી એસ ટી અમારીની મુસાફરી સિનિયર સિટીઝન્સ માટે વિશેષ લાભદાયી ન હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે. ગાંધીનગર એસ ટી ડેપોમાં મુસાફરોની સલામતીને સ્પર્શતા પરિબળો પણ રામભરોસે છે. મુસાફરોને એસ ટી ડેપોમાં જરૂરી સુવિધાઓ પણ મળતી નથી. જયારે એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવાની યોજના પણ હજુ સાકાર થઇ નથી. એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવાની યોજના અધ્ધરતાલ છે. ડેપો સંકુલમાં પોલીસ પહેરાના અભાવ વચ્ચે મુસાફરો ખુલ્લેઆમ તસ્કરીનો ભોગ બને છે. જેના લીધે મહીલાઓ અને સિનિયર સિટીઝન્સમાં પણ ભયનો માહોલ ફેલાયો છે. બીજીતરફ સિનિયર સિટીઝન્સને સલામત સવારીના ભાડામાં કોઈ રાહત મળતી નથી. દેશના અન્ય રાજયોની જેમ સિનિયર સિટીઝન્સને બસ ભાડામાં રાહત મળે તે માટે અવારનવાર પેન્શનર્સ સમાજ તેમજ સિનિયર સિટીઝન્સ દ્વારા રજુઆત કરવામાં આવી છે. અન્ય રાજયોમાં સિનિયર સિટીઝન્સને એસ ટી ભાડામાં વિશેષ રાહત આપવામાં આવે છે. વિદ્યાર્થીઓ અને નિયમિત અપડાઉન કર્તાઓ માટે પણ એસ ટી ની મુસાફર યોજના લાભદાયી પુરવાર થઈ છે. ત્યારે સિનિયર સિટીઝન્સને પણ એસ ટી ભાડામાં વિશેષ રાહત આપવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. અનેકવાર આ અંગે રજુઆતોના અંતે પણ સિનિયર સિટીઝન્સને ભાડાના દરમાં રાહત આપવા માટે કોઈ આયોજન થયુ નથી. શહેરમાં પેન્શનર્સ મંડળ પણ કાર્યરત છે જયારે સરકારી નગરી હોવાના નાતે નગરમાં સિનિયર સિટીઝન્સની સંખ્યા પણ વિશેષ છે. ત્યારે એસ ટી નિગમ દ્વારા આ યોજનાનો અમલ કરવામાં આવે તેવી લાગણી અને માંગણી પ્રબળ બની છે.

# નલિયામાં પારો વધુ ગગડ્યો

ગાંધીનગર, તા.૨

રાજ્યના નલિયા સહિતના કેટલાક ભાગોમાં તીવ્ર ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. આજે નલિયામાં સતત બીજા દિવસે નલિયામાં પારો ગગડીને ૮ ડિગ્રી સુધી નીચે પહોંચી ગયો હતો. વહેલી સવારમાં અને મોડી રાત્રે ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. બપોરના ગાળામાં હજુ પણ લોકોને ઓછા પ્રમાણમાં ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. આમ હવે ધીરે ધીરે ઠંડી પોતાની અસર દેખાડતી જઈ રહી છે. ત્યારે આગામી દિવસોમાં હજુ પણ ઠંડીનો પારો વધુ નીચે સરકે તેવી આગાહી પણ વ્યકત કરાઈ છે.

# તાલુકા પંચાયતની ઉનાવા બેઠકની પેટાચૂંટણી ૨૯મીએ યોજાશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર તાલુકા પંચાયતની ખાલી પડેલી ઉનાવા બેઠક માટેની પેટા ચૂંટણી આ માસના અંતમાં યોજાશે.

રાજ્ય ચૂંટણી પંચે આજે રાજયમાં જિલ્લા તાલુકા પંચાયતોની પેટા ચૂંટણીઓ યોજવા અંગેની જાહેરાત કરી છે. આ જાહેરાત અનુસાર આ પેટા ચૂંટણીનું જાહેરનામુ ૯મી ડિસેમ્બરના રોજ પ્રસિદ્ધ થશે. ઉમેદવારી પત્ર ભરવાની અંતિમ તારીખ ૧૪મી ડિસેમ્બર રહેશે.

ઉમેદવારી પત્રોની ચકાસણી ૧૬મીએ હાથ ધરાશે. જયારે ૧૭મી ડિસેમ્બર એ ઉમેદવારીપત્ર પાછા ખેંચવાની અંતિમ તારીખ છે. ૨૯મી ડિસેમ્બરના રોજ આ પેટા ચૂંટણીનું મતદાન યોજાશે અને ૩૧ ડિસેમ્બરના રોજ મતગણતરીની કાર્યવાહી જે તે તાલુકામથકે હાથ ધરવામાં આવશે.

આ પેટા ચૂંટણીમાં ઉમેદવારીપત્ર ભરવા માટે પાંચ જ દિવસનો સમય આપવામાં આવ્યો હોવાની વાતને લઈ રાજકીય વિવાદ ઉભો થવા પામ્યો છે. સામાન્યત: સાત દિવસનો સમય આ માટે આપવામાં આવતો હોય છે.

જિલ્લામાં ઉનાવા બેઠકની પેટા ચૂંટણીની જાહેરાત થતાં જ ટિકિટવાંચ્છુઓમાં સળવળાટ થયો છે અને રાજકીય પક્ષો પણ સક્રિય બન્યા છે.

ઉનાવા બેઠક પર છેલ્લી સામાન્ય ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર વિજયી બન્યા હતા પરંતુ તેમનુ અવસાન થતાં આ બેઠકની પેટા ચૂંટણી યોજાઈ રહી છે. ગાંધીનગર તાલુકા પંચાયતમાં હાલ ભાજ સત્તા પર જરૂર છે પરંતુ સૌથી મોટા પક્ષ તરીકે કોંગ્રેસ છે. અહિ જો આ બેઠક ભાજપ ગુમાવે તો કોંગ્રેસને ફાયદો થશે અને સત્તાપલ્ટા માટે પણ તે મહત્વની બેઠક પૂરવાર થશે.

હાલ તો બન્ને પક્ષો દ્વારા આ જાહેરાતને આવકારવામાં આવી છે. ગાંધીનગર તાલુકા પંચાયતમાં કોંગ્રેસની જૂથબંધી ભાજપને સત્તા ટકાવવામાં મદદરૂપ બની રહી છે.

રાજયમાં ફરીવાર પેટાચૂંટણી યોજાવા જઈ રહી છે. આજે રાજ્ય ચૂંટણી પંચે ત્રણ જિલ્લા પંચાયત બેઠકો અને ૪૧ તાલુકા પંચાયત બેઠકો પર પેટાચૂંટણી જાહેર કરી છે. ત્રણ જિલ્લા પંચાયત અને ૪૧ તાલુકા પંચાયતની પેટા ચૂંટણીની જાહેરાત થતાંની સાથે જ ભાજપ અને કોંગ્રેસ દ્વારા જિલ્લા અને તાલુકા પંચાયતની સત્તા હસ્તગત કરવાના ભાગરૂપે ચૂંટણી રણનીતિ અને સમગ્ર કવાયત તેજ કરી દેવામાં આવી છે.



વિજ્ઞાન પ્રદર્શન - શહેરની જાણીતી શિક્ષણ સંસ્થા સેન્ટર ઝેવિયર્સ ખાતે બાળકો દ્વારા વિવિધ વિજ્ઞાનના પ્રોજેક્ટ્સ તૈયાર કરી પ્રદર્શિત કરાયા હતા... વૈજ્ઞાનિક સિદ્ધાંતોના આધારે તૈયાર કરાયેલા અલગ-અલગ પ્રોજેક્ટ્સ દ્વારા વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પરત્વેની રસ-રૂચિ વધુ કેળવાય એવા પ્રયાસને ભારે સફળતા મળી હતી... વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરાયેલા પ્રોજેક્ટ્સને શાળામાં આકર્ષણનું કેન્દ્ર જમાવ્યું હતું...

# અડાલજ પાસે ક્રુરતાપૂર્વક ભરીને લઈ જવાતા પશુઓને બચાવાયા

ગાંધીનગર, તા.૨

અડાલજ પાસેથી આઈસર ટ્રકમાંથી કતલખાને લઈ જવાતા ૯ મોટા અને ૯ નાના પશુઓને બચાવી લેવાયા છે. અમદાવાદના જાગૃત નાગરીક સતર્કતાથી પશુઓની જીંદગી બચી ગઈ છે. રાત્રીના સમયે નીકળેલા ટ્રકમાં પશુઓની હેરાફેરીની શંકાને પગલે જાગૃત નાગરીકોએ ટ્રકનો પીછો કરી ટ્રક અટકાવી અંદર જોતા હલન ચલન કરી ન શકે તે રીતે પશુઓને દોરીથી બાંધેલા હતા. બનાવ અંગે પોલીસે રૂ.૨.૨૫ લાખની ભેંસ, રૂ.૪ લાખનો ટ્રક અને રૂ.૧૩,૫૦૦ ની કિંમતના પાડા કબ્જે લઈ ચાલક સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ અમદાવાદના નિકોલ વિસ્તારમાં રહેતા જાગૃત નાગરીક રવિવારના રોજ મિત્રો સાથે અડાલજ બાલાપીર ચોકડી ખાતે આવ્યા હતા. રાત્રીના દોઢ વાગ્યાના સુમારે ઝુંડાલ તરફથી એક ટ્રક પસાર થયો હતો. આ ટ્રકમાં ગૌવંશની હેરાફેરીની શંકાને પગલે તેઓએ ટ્રકનો પીછો કરી ટ્રક ઉભો રખાવ્યો હતો. જી.જે.૧૮.એ.યુ.૯૬૩૭ નંબરના ટ્રકમાં જોતા અંદર ૯ ભેંસ અને ૯ પાડા હતા. ટ્રકમાં નાના દોરડાથી હલી શકે નહી તે રીતે બાંધ્યા હતા. જેને પગલે જાગૃત નાગરીકે કંટ્રોલ રૂમમાં જાણ કરતા પીસીઆર વાન આવતા ટ્રકને પોલીસ કંટ્રોલ રૂમમાં જાણ કરતા (પીસીઆર) આવતા ટ્રકને અડાલજ પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યો હતો. જયારે પોલીસે ટ્રક ચાલકનું નામ પુછતા તે રાજસ્થાનના બાડમેર જિલ્લાના ગોડા ગામનો શાહરૂખખાન

● અનુસંધાન પાન-૭ પર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજી. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૯, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૯૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
બ્રોશર, લીફલેટ, મેગેઝીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

સાયન્સસીટી-સોલામાં નવો શો-રૂમ ખુલેલ છે.
હોલસેલ ભાવે વગર મજુરીએ
હોલમાર્ક દાગીના મળશે. (કાયમી ધોરણે)
જુના દાગીનાનું પુરૂ વળતર
N. C. Zaveri (શેરથાવાળા)
GOLD, JADTAR, ANTIQUE, DIAMOND & SILVER.
૮૧૪૧૦૭૫૦૨૫, ૮૭૫૮૬૯૧૩૦૯
શો-રૂમ સમય : બપોરે ૧.૦૦ થી ૬.૦૦ (રવિવારે ચાલુ)
૫૫, સુપર બંગ્લોઝ, સાયન્સ સીટી ગેટ પાસે,
સ્વામિનારાયણ મંદિર પાસે, સોલા, અમદાવાદ.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com